PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

## ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૫/કવા–૦૩/૧૬–૧૭/ ૧૦૨૮૩ તા. ૧૭/૧૧/૧૬

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
શ્રી ચીમનભાઈ સવદાસભાઈ રાબડીયા,
ગામઃ આંબરડી,
તા. ગોંડલ,
જીઃ રાજકોટ
મોઃ ૮૪૬૯૧ ૭૪૪૪૮

વિષય :–ખેતીવાડી વીજજોડાણ ના ટેસ્ટ રીપોર્ટ બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૦૬–૧૦–૧૬ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૦૫/કવા–૦૩/૧૬–૧૭ )

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં.–૨.)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ. ગ્રામ્ય વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી ગોંડલ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય પેટા વીભાગીય કચેરી ન.–૨, ગોંડલ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)


**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**


| | | |
|---|---|---|
| કેસ નં. : સીજીઆરએફ : ૦૫/કવા–૦૩/૧૬–૧૭ | **કમિટિ મીટીંગ તા.૧૧–૧૧–૧૬** | **સ્થળ :–રાજકોટ** |

**પક્ષકાર નં.: –(૧) અરજદાર (ફરીયાદી) :**

**અરજદાર (ફરીયાદી) : નામ: શ્રી ચીમનભાઈ સવદાસભાઈ રાબડીયા, ગામ: આંબરડી**

**રજુઆત કરનાર : અરજદાર હાજર રહેલ ન હતા.**

**વિરૂધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : ગ્રામ્ય પેટા વીભાગીય કચેરી ન.–૨, ગોંડલ (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી ગોંડલ)**

**રજુઆત કરનાર : એસ.ડી.ઝાલા, નાયબ ઈજનેર (ટેક), ગ્રામ્ય વર્તુળ કચેરી રાજકોટ**

## : હુકમ :

## ફરીયાદ : ખેતીવાડી વીજજોડાણ ના ટેસ્ટ રીપોર્ટ બાબત

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, ફરીયાદ સબંઘક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ શ્રી ના ગામ: આંબરડી ખાતે ના, તેમની માલીકી ના, મંજુર કરાયેલ ખેતીવાડી વીજજોડાણ ના ભાવપત્રક ની રકમ, તેઓ શ્રી એ ભરપાઈ કરી આપેલ છે, અને કુવા/બોર પર, મંજુર જોડાણ અન્વયે ના ૭.૫ હોપા ની ક્ષમતાની ખરીદ કરાયેલ મોટર નો તા.૨૪–૦૭–૧૬ ના રોજ નો તૈયાર કરાયેલ ટેસ્ટ રીપોર્ટ, જે અધિકારી દ્રારા રૂ.૨૦/– સ્વીકારવા બાબતે નો નોંઘ સાથે ની સહી સાથે નો ટેસ્ટ રીપોર્ટ, તેઓ શ્રી રૂબરૂ લઈ ને વારંવાર કચેરી મા રજુ કરવા જતા, કચેરી તરફથી, સદર ટેસ્ટ રીપોર્ટ '' ઈ–ઉર્જા '' ની ક્ષતિના કારણોસર સ્વીકારવામા આવતો ન હોવાથી, અરજદાર શ્રી ને વારંવાર કચેરી ના ઘકકાઓ થયેલ છે. આમ, આજદિન સુઘી સદર ટેસ્ટ રીપોર્ટ સ્વીકૃત થયેલ ન હોય, પીજીવીસીએલ કક્ષાની સદર બેદરકારી ના કારણોસર, તેઓ હેરાન પરેશાન થતા હોય, પીજીવીસીએલ ની સેવા બાબતે અસંતોષ ની લાગણી સાથે, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ, ફરીયાદ સબંઘક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની ફરીયાદ અરજી ના અનુસંઘાને, પીજીવીસીએલ તરફથી સ્પષ્ટતા કરતા, ફોરમ કમિટી ને જણાવવામા આવેલ છે કે, અરજદાર શ્રી એ તેમના મંજુર કરાયેલ નવા ૭.૫ હોપા ના, તેમના ગામ: આંબરડી ખાતે ના, તેમની માલીકી ના સર્વે નંબર મા મંજુર કરાયેલ ખેતીવાડી વીજજોડાણ ના ભાવપત્રક ની રકમ, તેઓ શ્રી એ તા.૧૮–૦૫–૧૬ ના રોજ ભરપાઈ કરી આપેલ હતી. અને ત્યારબાદ, કુવા/બોર પર, મંજુર જોડાણ અન્વયે ના ૭.૫ હોપા ની ક્ષમતાની ખરીદ કરાયેલ મોટર નો તા.૨૪–૦૭–૧૬ ના રોજ નો તૈયાર કરાયેલ ટેસ્ટ રીપોર્ટ, જે અધિકારી દ્રારા રૂ.૨૦/– સ્વીકારવા બાબતે નો નોંઘ સાથે ની સહી સાથે નો ટેસ્ટ રીપોર્ટ, તેઓ શ્રી રૂબરૂ લઈ ને કચેરી મા આવેલ હતા. પરંતુ, આ સમયે, કચેરી ની '' ઈ–ઉર્જા '' ની ક્ષતિના કારણોસર, સદર ટેસ્ટ રીપોર્ટ ની નકલ રૂ.૨૦/– સ્વીકારી શકાયેલ ન હતી. આવા કારણોસર, અરજદાર શ્રી ને પરત જવુ પડેલ હતુ. હવે, અરજદાર શ્રી નો સદર ટેસ્ટ રીપોર્ટ જે, તા.૧૩–૧૦–૧૬ થી, રૂ.૨૦/– નોઘણીચાર્જ, જે તા.૧૩–૧૦–૧૬ ના રોજ અરજદાર શ્રી ની હાજરી, જાણકારી અને સંતોષ હેઠળ વસુલ કરીને સ્વીકારી લેવામા આવેલ છે. આમ, અરજદાર ની મુખ્ય ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. હવે, અરજદાર શ્રી ને સદર બાબતે કોઈ ફરીયાદ રહેતી ન હોય, તે મુજબ નુ અરજદાર શ્રી એ તા.૦૮–૧૧–૧૬ ના રોજ લેખીત સંમંતીપત્ર પણ પીજીવીસીએલ સમક્ષ રજુ કરેલ છે. |

**મુદદા નં.–૩ : : નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંઘક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |

| | |
|---|---|
| <u>૩.૧</u> | ફરીયાદી અરજદાર શ્રી ની મુદ્દા નં.૧.૧ મુજબ ની વિગતેની માંગણી ના અનુસંધાને, પીજીવીસીએલ પક્ષકાર તરફથી મુદ્દા નં.૨.૧ મુજબ ની વિગતેની કાર્યવાહી, અરજદાર શ્રી ની હાજરી, જાણકારી અને સંતોષ હેઠળ, તેમના તા.૦૮-૧૧-૧૬ ના લેખીત સંમતીપત્ર હેઠળ પૂર્ણ કરાયેલ છે. આમ, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી, અરજદાર શ્રી ના લેખીત સંમતીપત્ર હેઠળ, નિરાકરણ થયેલ છે. |

<u>મુદ્દા નં.-૪ :</u>

<u>**હુકમ**</u>

| | |
|---|---|
| <u>૪.૧</u> | સદર કેઈસ માં ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૧ મુજબ ની વિગતે, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ થયેલ છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
**સ્વતંત્ર સભ્ય**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

(ટી.બી.ભીમાણી)
**ચેરમેન**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

<u>નોંધ</u> જો સદર નિણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી **સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫'' સમક્ષ** લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમના ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..